NAYARA
ENERGY

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: DIVYA BHASKAR (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 16-05-2018**
**PAGE NO. 04**
**TOTAL SQ. CM. 162**
**TITLE:** ***Launch of Nutrition Support Program- A Joint Initiative of Essar Oil and RNTCP Dwarka***

---

### દ્વારકા જિલ્લાને ટીબીના દર્દીની તપાસ માટે સીબીનાટ વાન અપાઇ

# ટીબીના દર્દીઓને રોગમુકત કરવા ન્યૂટ્રીશન સપોર્ટ કાર્યક્રમ

### જિલ્લામાં ટોટલ 33 વ્યક્તિઓની તપાસ કરતા 6 કેસો પોઝિટિવ

ભાસ્કર ન્યૂઝ | જામનગર

ડબલ્યુએસઓ દ્વારા ભારતમાંથી ટીબીને 2035 તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2025 સુધીમાં ટીબી નાબુદીનો લક્ષ્યાંક સાથે દરેક જિલ્લામાં બે તાલુકાઓને ટીબી મુક્ત કરવા માટે નક્કી કરવામાં આવ્યું છે. જેમાં દેવભૂમિ દ્વારકામાં ભાણવડ, કલ્યાણપુર તાલુકા સૌ પ્રથમ ટીબી મુક્ત કરવાના અનુસંધાને અલગ-અલગ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત મંગળવારના ખંભાળીયામાં આહિર સમાજવાડીમાં એસ્સાર ઓઈલ કંપની સીએસઆરના સહયોગથી જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ આપવા માટે ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ કલેકટર જે.આર. ડોડીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અંદાજિત 290 દર્દીઓને એકથી આઠ માસ માટે જરૂરી કીટ અંદાજિત રૂા.995ની એસ્સાર ઓઈલ કંપનીના સીએસઆર દ્વારા આપવાનું નકકી કરાયું હતું જેના ભાગરૂપે એસ્સાર ઓઈલ કંપની દ્વારા અંદાજે રૂા.16 લાખ મળ્યા હતાં તથા કલેકટરએ જણાવ્યું હતું કે, ન્યુટ્રીશન સપોર્ટ મળતા દર્દીઓ સમયસર દવા લેવા પ્રેરાસે તથા દવા વધુ અસરકારક નિવડશે અને તમામ ઉપસ્થિત ટીબીના દર્દીઓને વધુમાં વધુ લાભ લઈ તેનો સદઉપયોગ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત દેવભૂમી દ્વારકા જિલ્લાને ટીબીના દર્દની તપાસ માટે સીબીનાટ વાન મળી છે. જેમાં ફકત બે જ કલાકમાં ટીબી છે કે નહી અને ગંભીર પ્રકારનો ટીબી છે.કે નહી તે સ્થળ પર નકકી થઈ જાય છે. જેમાં જિલ્લામાં ટોટલ 33 વ્યક્તિઓની તપાસ કરવામાં આવી અને તેમાં 6 કેસો પોઝીટીવ આવ્યા છે અને 6 પૈકી 1 ગંભીર પ્રકારનો ટીબીનો દર્દી મળેલ છે. કાર્યક્રમમાં ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વીએચ એન્ડ વીએચ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વચ્છતા અંગેનું નાટક રજુ કરાયું હતું.